# ગુજરાતી ધોરણ 10 પાઠ્યપુસ્તકમાં જોવા મળતુજીવનલક્ષી શિક્ષણ

**મુકેશ ઝેડ સરવૈયા**
એમ,એ., એમ.એડ્. મદદનિશ શિક્ષક, શ્રી બી.એન.પટેલ હાઈસ્કુલ,નાવલી., આણંદ.

Received: September 12, 2018 Accepted: October 25, 2018

**ભૂમીકા-**

વર્તમાન શિક્ષણની ગુણવત્તામાં અભિવ્રુધ્ધિ કરવા, ઉત્કૃષ્ટ કક્ષાની અધ્યયન-અધ્યાપન પ્રવિધિ વિકસાવવા તેમજ બાળકમાં વિષય પ્રત્યે ચેતના પ્રગટાવવાના હેતુથી આ નવા પઠ્યપુસ્તકો વિકસાવવામાં આવે છે . શિક્ષણની ગુણવત્તા અને સવર્ધન , પાઠ્યપુસ્તકની રચના અને અભ્યાસક્રમ પસંદ કરવાની જવાબદારીનું વહન "ગુજરાત પાઠ્યપુસ્તક મંડળ" ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે . આ પાઠ્યપુસ્તકમાં લેખન સુક્ષ્મ તેમજ ધ્યેય પૂર્વકનું બને તે હેતુથી તજ્જ્નશ્રીઓને નિમત્રિત કરીને લેખનની કામગીરી કરવામાં આવે છે . તેથી પાઠ્યપુસ્તક વિદ્યાર્થીને અધ્યયન-અધ્યાપન કાર્યોમાં નિ:શક ખૂબ જ ઉપયોગી થઇ પડે તેમ છે.

શિક્ષક અને વિદ્યાર્થીની સમજના નવિનીકરણ માટે પાઠ્યપુસ્તકના વિષયવસ્તુની ખુબ જ આવશ્યકતા છે . જેટલી વિદ્યાર્થીઓ માટે વર્ગ શિક્ષણની આવશ્યકતા છે . તેટલી જ પાઠ્યપુસ્તકની આવશ્યકતા છે . આ બન્નેથી વિદ્યાર્થીનુ નવસર્જન થાય છે . તેથી જ પાઠ્યપુસ્તકમાં પ્રવર્તમાન સમયગાળાની વિષયવસ્તુ આધારિત અધ્યયન માહિતી હોવી જરૂરી છે. પાઠ્યપુસ્તક આજીવન વિદ્યાર્થી અને શિક્ષકને કામ આવે તેવુ હોવુ જોઇએ. આ ધ્યેયોને લક્ષમાં રાખી આ શોધપત્ર બનાવવામા આવ્યુ છે. આ શોધપત્ર માત્ર સામાન્ય ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યુ નથી, પરંતુ તે પાઠ્યપુસ્તકના અભ્યાસ દ્વારા વિષવસ્તુની નાની -નાની બાબતોની છણાવટ તેમજ સમજમાં અભિવ્રુધ્ધિ થાય તેવો ઉત્તમ નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે . શિક્ષણના નૂતન પ્રવાહ તેમજ અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી ધોરણ -10 ગુજરાતી પાઠ્યપુસ્તકનુ શોધપત્ર બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જે નીચે દર્શાવેલ હેતુઓને સાકાર કરશે.

**શિક્ષકો પાઠ્યપુસ્તકમાં રહેલ જીવનલક્ષી અભ્યાસક્રમને.જાણે**
**જીવનલક્ષી વિષયવસ્તુનો અનુભવ મેળવે**
**વિદ્યાર્થીના જીવન જીવવા માટેનો અભ્યાસક્રમ જાણે**

**<u>પાઠ્યપુસ્તકમાં જોવા મળતુ જીવનલક્ષી શિક્ષણ</u>**

ગુજરાતી ભાષા સાહિત્ય એ પણ ભણવા જેવો, જીવનમાં ઉપયોગી, ઉંડા ઉતરીએ તો રસ પડે એવો અને જીવનને સમ્રુધ્ધ આનંદપૂર્ણ બનાવે એવો વિષય છે. તે આપણે જાણવુ જોઇએ. આ બાબત ત્યારે જ જાણી શકાય જ્યારે અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકની ક્રુતીઓને સાંકળીને આપણે વિદ્યાર્થી સામે રજુ કરીએ . આવી રજુઆત વિદ્યાર્થીને તેના ભાવી જીવન જીવવા માટે ઉપયોગી થાય છે . પરંતુ તે માટે ગુજરાતી પાઠ્યપુસ્તકમાં રહેલી જીવન ઉપયોગી ક્રુતીઓને જાણવી અને સમજવી જરુરી છે. હાલ તે માટે આધુનિક પાઠ્યપુસ્તકમાં "ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ" દ્વારા ક્રુતિની પાછળ શિક્ષકની ભૂમિકા મુકવામાં આવી છે . જેના દ્વારા શિક્ષક જીવનમાં ઉપયોગી બાબતોને સમજીને વિદ્યાર્થીને આપી શકે છે. તો અહી આપણે ધોરણ-10 ગુજરાતી પાઠ્યપુસ્તકની ક્રુતિમાં રહેલી જીવન ઉપયોગી બાબતોને જાણીએ

**વૈષ્ણવજન**

આ ક્રુતિમાં વિધ્યાર્થી ભક્ત માણસના લક્ષણો જાણીને તે ગુણોનો પોતાના જીવનમાં આવિર્ભાવ કરી શકે છે

**રેસનો ઘોડો**

આજના સમયમાં દરેક વાલીની પોતાના બાળક પ્રત્યેની ઈચ્છા વધારે વ્યક્ત થયેલી જોવા મળે છે . અને તેના પરિણામે બાળકનું બાળપણ છીનવાઈ જાય છે, આ બાબત જોવા મળે છે.

**શિલવંત સાધુને**

આ ક્રુતિમાં સાચા સાધુની ઓળખ માટેના લક્ષણોવિદ્યાર્થી જાણીને જીવનમાં ઉતારી શકે છે.

**ભૂલી ગયા પછી**

આ એકાંકીમાં સંબધ વિચ્છેદ કરી ફરી સંબધ બંધાવાની ઘટનાઓ રજુ થયેલી જોવા મળે છે. જે જીવનમાં ઉપયોગી થાય છે. સાથે-સાથે કોમળ સ્ત્રી પણ સાહસિક બની શકે તેનુ વર્ણન કરવામાં આવ્યુ છે

**દીકરી**

માતા-પિતાના જીવનમાં દીકરી કેટલી વ્યાપ્ત છે. તેની વાત આ ક્રુતિમાં છે. આવી દીકરીઓ વ્યક્તિ, સમાજ કે કોમના ભય વગર જીવી શકે તે, વિદ્યાર્થીને જણાવીને જીવનમાં સમાનતાની ભાવના કેળવી શકાય છે.

**વાઇરલ ઇન્ફેક્શન**

આ નિબંધમાં લેખકે આપણા સમાજની અનેક મર્યાદાઓ જણાવી છે . આપણે આપણા આરોગ્યની કાળજી બરોબર લેતા નથી. જેના પરિણામે અનેક હઠીલા રોગો શરીરમાં ઘર કરે છે. જે બાબત પણ જીવનમાં ઉપયોગી છે.

**ડાંગવનો અને.....**

આ નિબંધમાં જીવનમાં પત્રલેખનનું મહત્વ જાણવા મળે છે . આજકાલ મોબાઈલ અને ઈન્ટર્નેટને કારણે વોટસએપ અને બ્લોગનું ચલણ એટલુ વધ્યુ છે. તેમ છતા પત્રો જીવનમાં કાયમી સંભારણુ બને છે. તે આ કૃતિને આધારે રજુ થયેલુ જોવા મળે છે.

**શિકારીને**

આ કાવ્યમાં પ્રકુતિનું માનવ જીવનમાં કેટલું મહત્વ છે તે સમજાવ્યુ છે . મનુષ્ય પોતાના સ્વાર્થ માટે પ્રકુતિનુ નિકંદન કાઢી રહ્યો છે . પરિણામે અસહ્ય ગરમી, ઓજોનના પડનુ તૂટવું, દુષ્કાળ તો ક્યાક અકાળે વરસાદની પરીસ્થીતી છે. આ બાબતને વિદ્યાર્થી જીવનમાં ઉતારી શકે તે માટે આ કૃતિનો ઉપયોગ કરી શકાય છે.

**ચોપડાની ઈન્દ્રજાળ**

ચોપડાની ઈન્દ્રજાળ દ્વારા લેખકે માનવી દ્વારા બીજા માનવીને છેતરવાની વૃતિનું આલેખન કર્યુ છે. ગરીબ લોકો શાહુકાર પાસેથી પૈસા ઉધાર લે છે. મજબુરીને કારણે કરેલા દેવા કરતા વ્યાજ વધારે ચુકવે છે. આ બબતની જાણ પણ જીવન ઉપયોગી છે. જે આ કૃતિનો ઉપયોગ કરી વિદ્યાર્થીને સમજાવી શકાય છે.

**જન્મોત્સવ**

મનુષ્ય ઉત્સવપ્રિય છે. આપણી સંસ્કુતિમાં અનેક ઉત્સવો જુદા-જુદા હેતુથી ઉજવાય છે. આ ઉત્સવ વિશેની સાચી સમજ પણ જીવન ઉપયોગી સાબિત થાય છે.

**બોલીએ ના કાંઈ**

આ કવ્યમાં કવીએ ચૂપ રહેવાની વાત કરી છે. પોતાના પ્રશ્નો પોતાની જાતે જ, પોતાની રીતે જ ઉકેલવા જણાવે છે. આ બાબત પણ જીવન જીવવા માટે ખુબ જ ઉપયોગી છે.

**ગતિભંગ**

આ લઘુકથામાં સ્ત્રીની લાગણીની વાત કરી છે, સમાજમાં જ્યારે પુરુષ (પતિ) હિંમત હારી જાય છે ત્યારે સ્ત્રી જ તેને સહારો આપવા સક્ષમ બને છે. તેવા દામ્પત્ય જીવનની વાસ્તવિક પરિસ્થિતિ વિદ્યાર્થીને આ કૃતિ દ્વારા જાણવા મળે છે.

**દિવસો જુદાઈના જાય છે**

આ કવ્યમાં કોઈપણ વસ્તુ ચિરસ્થાયી નથી તેમ સુખ કે દુ:ખ પણ આવ જા કરે છે. એટલે કે આ કુતિમાં જીવનની ગતિવિધીનો ખ્યાલ જોવા મળે છે. જે વિદ્યાર્થીને જીવન ઉપયોગી થઈ શકે તેવો છે.

**ભૂખથીય ભૂંડી ભીખ**

જીવનમાં પરિસ્થિતિ સાથે સમાધાન કેવી રીતે કરવું તેનો ખ્યાલ આ કુતિમાં જોવા મળે છે . વિકટ પરિસ્થિતિમાં સંપ, સહકાર અને સમજથી કામ લેવુ જોઈએ તે બાબત આ કુતિમાંથી જીવનમાં ઉતારી શકાય છે

**વિરલ વિભૂતિ**

આ ચરિત્રનિબંધ દ્વારા સામાન્ય મનુષ્ય પણ પોતાની તિવ્ર સંકલ્પ શકિત , દ્રઢ મનોબળ અને સતત પ્રયાસથી પોતાના શ્રેષ્ઠ સ્થાને પહોચી શકે છે. માણસમાંથી મહાત્મા બની શકે છે. તે બાબત વિદ્યાર્થીઓ જીવનમાં ઉતારી શકે છે.

**ચાંદલિયો**

આ લોકગીતમાં વર્ષો સુધી પિતાને ત્યાં પોતાની મરજી મુજબ જીવીને સાસરે જનાર કન્યાને સાસુ -સસરા, જેઠ-જેઠાણી, નણંદ-નણદોઈ બધાં આત્મીય બની જાય તે ઉત્તમ પરિસ્થિતિ જોવા મળે છે. આ પરિસ્થિતિ વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં ઉતારી શકે છે.

આમ આપણે જોઈએ તો ધોરણ -10 ગુજરાતી પાઠ્યપુસ્તકની મોટા ભાગની કુતિઓમાં જીવનલક્ષી શિક્ષણ જોવા મળે છે . જેના દ્વારા વિદ્યાર્થી પોતાનુ જીવન ઉજ્જવળ બનાવી શકે છે.

નવી શિક્ષણનીતી (સૂચિત) ના સદર્ભમાં માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ ભાષા-સાહિત્યના શિક્ષણના મુખ્ય હેતુમાં આ હેતું પણ જોવા મળે છે.

**વિદ્યાર્થીમાં સામાજિક સંવેદનશીલતા કેળવાય**

**વિદ્યાર્થીને જગત અને જીવનને વધુ રસ પૂર્વક અને નિસબત પૂર્વક અનુભવવાની અને જીવવાની તાલીમ મળે**

આ બન્ને હેતુઓ આ પાઠ્યપુસ્તક દ્વારા સંપૂર્ણ સિધ્ધ થતા આપણને જોવા મળે છે

## પાઠ્યપુસ્તક વિશે

ભાષા સાહિત્યના અભ્યાસક્રમના ઉપર દર્શાવ્યા તે મુખ્ય હેતુઓને પરિપૂર્ણ કરવા માટે નમૂનારુપ પાઠ્યપુસ્તક તૈયાર કરવાનો ઉપક્રમ હોય છે. આ પાઠ્યપુસ્તક અને તેમાં રજુ થયેલી પાઠ્યસામગ્રી , સ્વાધ્યાયો, ભાષાભિવ્યક્તિ વગેરે ઉપરના હેતુઓને પરિપૂર્ણ કરવા માટેનું એક નમુનારુપ સાધન છે. ધોરણ દસનું પ્રથમભાષા ગુજરાતીનુ ઈ.સ. 2017 થી અમલમાં આવેલુ પાઠ્યપુસ્તક (અને તેમાંની પાઠ્યસામગ્રી) ઉપરના હેતુઓને પરિપૂર્ણ કરવાના નમૂનારુપ સાધન તરીકે ગુજરતીના શિક્ષકોએ યોગ્ય રીતે ઉપયોગમાં લેવું જોઈએ.

## સંદર્ભ


1. ૧. ગુજરાતી (પ્રથમભાષા), ધોરણ – ૧૦ , ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ , ‘ વિદ્યાયન’, સેક્ટર ૧૦ -એ, ગાંધીનગર તારીખ :- ૧૫/૦૩/૨૦૧૭
2. ૨. શિક્ષણ અને પરીક્ષણ, (શૈક્ષણિક પ્રવાહોને વાચા આપતું સામાયિક) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ , ગાંધીનગર. એપ્રિલ, ૨૦૧૭ (અંક – ૧૧)